## કાર્યો કરવા માટે નકકી કરેલા ધોરણો.

| અ.નં | મુદ્દા | વિગત |
|---|---|---|
| ૧૫.૧ | વિવિધ પ્રવૃતિઓ/કાર્યક્રમો હાથ ધરવા માટે વિભાગે નકકી કરલ ધોરણોની વિગતો આપો. | સરકારશ્રીની સુચના અને માર્ગદર્શન મુજબ વિવિધ પ્રવૃતિ અને કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. નિયામકશ્રી, નાગરિક પુરવઠા, ગાંધીનગરના તા.૬–૬–૨૦૦૫ ના પત્ર ક્રમાંકઃ– તપસ–એન્ફો–સ્માર્ટ ગોલ્સ–જન–૨૨૪/૦૩ થી સ્માર્ટ ગોલના લક્ષ્યાંકો ફાળવેલ છે. ઉદાહરણ તરીકે જોઈએ તો :<br>(૧) ભુતીયા રેશનકાર્ડ નાબૂદ કરવા માટે અ.ના.પુ અને ગ્રા.બા.વિભાગે તા.૧૫/૭/૨૦૦૪ ના પરિપત્રથી સુચના કરી હતી. જેના અનુંસંધાને આજ પર્યંત કુલ ૧૦૦૨૭ રેશનકાર્ડ અને ૧,૧૮,૫૭૦ જનસંખ્યા રદ કરવામાં આવેલ છે.<br>(૨) અંત્યોદય અન્ન યોજના હેઠળ સરકારશ્રીએ પ્રથમ, બીજા અને ત્રીજા તબકકામાં મળી કુલ ૨૭૩૭૨ લાભાર્થીઓનો લક્ષ્યાંક ફાળવેલ, જેની કામગીરી પૂર્ણ થયેલ છે. તથા ચોથા તબકકામાં ચાલુ સાલમા અ.ના.પુ અને ગ્રા.બા.વિભાગ તા.૧૩/૭/૨૦૦૫ ના ઠરાવથી ૪૭૩૦ લાભાર્થીઓનો લક્ષ્યાંક અંત્યોદય અન્ન યોજના નીચે રાજકોટ જિલ્લાને ફાળવ્યો હતો. તેની સામે માહઃ સપ્ટેમ્બર–૨૦૦૫ સુધીમાં ૧૧૫૭ લાભાર્થી પસંદ કરવામાં આવેલ છે. આ કાર્યવાહી પણ હાલમાં ચાલુ છે.<br>(૩)મુખ્ય સચિવશ્રી ગુજરાત રાજયએ તા.૪/૩/૨૦૦૪ ના અ.સ.પત્રથી અન્નપુર્ણા યોજના નીચે ૩૦૮૩ નિરાધાર વૃધ્ધોને લાભ આપવાનો લક્ષ્યાંક રાજકોટ જિલ્લાને ફાળવ્યો હતો. રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રિય અને રાજય પેન્શન યોજના નીચે લાભ મેળવતા કુલ પેન્શનરના ૨૦% લેખે ૬૧૭ વ્યકિત ઓને અન્નપુર્ણા યોજના નીચે અનાજ આપવાપાત્ર બને છે. જે સામે ૬૪૦ લાભાર્થીઓ પસંદ કરવામાં આવેલ છે પરંતુ અનાજ ૨૪૫ લાભાર્થીઓ મેળવે છે.<br>(૪) જિલ્લામાં ગ્રાહક સુરક્ષા પ્રવૃતિઓને વેગ મળે તે હેતુથી શાળા કક્ષાએ કન્ઝયુમર્સ કલબોની સ્થાપના માટે ૧૫ કલબનો લક્ષ્યાંક સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ તે |

| | | |
|---|---|---|
| | | સામે કુલ–૫૧ શાળાઓ પસંદ કરી તે શાળાઓમાં કન્ઝયુમર્સ કલબની સ્થાપના માટે મંજૂરી આપવા માટેની દરખાસ્ત નિયંત્રકશ્રી, કાનૂની માપ વિજ્ઞાન અને નિયામકશ્રી, ગ્રાહકોની બાબતો, અમદાવાદને મોકલવામાં આવેલ છે.<br>(૫) જિલ્લામાં રોમીંગ રેશનકાર્ડ અમલમાં મૂકવા સરકારશ્રીએ ઠરાવેલ છે. જેની તાલીમ અને આનુસાંગિક તકનીકી કાર્યવાહી પૂર્ણ થવામાં છે. જે બાદ સમગ્ર જિલ્લામાં રોમીંગ રેશનકાર્ડની યોજના અમલી બનશે.<br>(૬) જિલ્લામાં નવી વાજબી ભાવની દુકાનો સરકારશ્રીના તા.૨–૮–૨૦૦૪ ના ઠરાવ મુજબ ખોલવા અપાયેલ લક્ષ્યાંક મુજબ રાજકોટ શહેર સિવાયના જિલ્લામાં ૧૩૪ તથા રાજકોટ શહેરમાં ૫૭ દુકાનો મળી કુલ ૧૯૧ નવી દુકાનો ખોલવા માટે જાહેરાત તા.૨૨–૨–૨૦૦૫ થી આપવામાં આવેલ. તે પૈકી રાજકોટ શહેર સિવાયની ૯૮ દુકાનો શરૂ કરવામાં આવેલ છે. રાજકોટ શહેરની દુકાનો માટેનો નિર્ણય હવે પછી કરવામાં આવશે. ખાલી રહેલ ૩૬ દુકાનો માટે પુનઃ જાહેરાત આપવાની થાય છે.<br>(૭) સરકારશ્રીના અ.ના.પુ. અને ગ્રા.બા.નો વિભાગના તા.૧૯–૪–૯૯ ના ઠરાવ ક્રમાંકઃ– તપસ–૧૦૮૪–૧૦૮૪–બ થી ઠરાવેલ ધોરણે તેમજ સ્માર્ટ ગોલ્સ લક્ષ્યાંક મુજબ પેટ્રોલ પંપ, કેરોસીન વિક્રેતાઓ, છૂટક વિક્રેતાઓ, એલ.ડી.ઓ./સોલવન્ટના પરવાનેદારોની તપાસણી કરવામાં આવે છે.<br>(૮) મુકત બજાર કેરોસીન વિતરક તરીકે જિલ્લામાં લક્ષ્યાંક મુજબ બે ડીલર એક મોરબી ખાતે તથા એક રાજકોટ શહેર ખાતે નિયુકત કરવામાં આવેલ છે અને તે રીતે મુકત બજાર કેરોસીનની વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. |